ગાંધીનગર સમાચાર
તા. ૮-૩-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

લોકચેતનાને સંકોરવાનો પ્રયાસ

અરવિંદ કેજરીવાલ બે દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન તીવ્ર બુદ્ધિમતા વાપરીને કરેલા નિરીક્ષણનાં તારણ મીડિયા સમક્ષ રજૂ કર્યાં, એટલું જ નહીં, એ સોળ સવાલોનો એમણે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પાસે પણ જવાબ માગ્યો છે. મોદીને અગાઉ પણ એમણે મુકેશ અંબાણીના ગેસ ના ભાવવધારા, ટેન્ડર વગરની સોલર એનર્જીની ખરીદી તેમજ એમનાં વાયુયાનોના બેફામ ઉપયોગ વિશે તીખી પૃચ્છા કરતો પત્ર લખ્યો હતો જેનો જવાબ આપવાનું એમને ઉચિત નહીં લાગ્યું હોય. કેજરીવાલ જાત તપાસ માટે ગુજરાત આવ્યા હોઈ હવે મુકેશ અંબાણી ઉપરાંત બીજા અનેક મુદ્દાઓ એમની નજરે ચડ્યા છે. મોદીને રૂબરૂ મળવા ગાંધીનગર ખાતે આવવા માગતા કેજરીવાલને ખબર જ હોય કે એમની ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર સાથે રૂબરૂ મુલાકાત શક્ય નથી જ બનવાની. બેઉ સામસામા ધ્રુવો છે. મોદી એમનાથી ડરી ગયા છે, એવી છાપ ઊપસાવવાનો છૂપો આશય પણ આવી જાહેરાતથી બર આવી શકશે. પરંતુ કેજરીવાલના સોળ સવાલોનું સત્ય નજર અંદાજ કરવા જેવું નથી તે તો અદનો ખતમજૂર પણ સમજી શકે એમ છે. ઉદ્યોગપતિઓને લહાણી કરવાની રાજ્ય સરકારની નીતિ સામે કૉંગ્રેસ, કેશુભાઈ પટેલ અને ગોરધન ઝડફિયાની જીપીપી તેમજ ડો. કનુભાઈ કળસિયા જેવા લોકસેવકોની રજૂઆતથી જે અસર ઊભી નથી થઈ શકી તે અરવિંદ કેજરીવાલની બે દિવસની ટૂંકી અને ઊડતી મુલાકાતથી થઈ શકી છે. વળી , મોદી સરકારના કેટલાક અતિશયોક્તિભર્યા દાવા સત્યથી જોજનો વેગળા છે, એની પણ કેજરીવાલે જાત તપાસ કરીને ધારદાર રજૂઆત કરી છે. આખા ગુજરાત દરિયાઈ પટ્ટી જાણે વેચાણમાં મુકાઈ ગઈ હોય એવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. મોટા ઉદ્યોગપતિઓને સાચવી લઈ બહાર બધું સુષ્ઠુ સુષ્ઠુ બતાવવાની અને વિકાસ મોડલના નામની ગુલબાંગો પોકારવાની ભુલભુલામણી કેજરીવાલે પર્દાફાશ કરી દીધો છે. શિક્ષણક્ષેત્રે પ્રવર્તી રહેલી અરાજકતા, શિક્ષકો અને શાળાઓની દુર્દશા ઉપરાંત આરોગ્યક્ષેત્રના ભોપાળા વિશે આમજનતા તો સુપેરે વાકેફ છે, પરંતુ એને આંદોલનમાં ફેરવે એવી ક્ષમતાં ક્યાં છે. ખેતીમાં ઊંચા વિકાસદરને પણ કેજરીવાલે પડકાર્યો છે. મોદી વિકાસના નામે જૂઠે જૂઠો પ્રચાર કરતા ફરે છે, એવી પ્રતીતિ સાથે અરવિંદ કેજરીવાલ મોદીના ગઢમાં જ તરખાટ મચાવી રહ્યા છે. એમની સીધી લડાઈ હવે મોદી સાથે જ હોય એમ એ ગુજરાત પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ગુજરાતના કૉંગ્રેસી નેતાઓ આજ લગી મોદીની વિરુદ્ધ જે રજૂઆતો કરતા રહ્યા છે તે હવામાં ગઈ છે. કૉંગ્રેસ એનું વજૂદ ગુમાવી બેઠી છે અને ખુદ કૉંગ્રેસી નેતાઓની ભાજપમાં પ્રવેશ માટે લાઈનો લાગી છે ત્યારે એક ખુદ્દાર ભાયડો એની પૂરી નિષ્ઠા અને પ્રબળ લોકચેતના સાથે મેદાનમાં ઊતર્યા છે. ગુજરાતની પ્રજા ભલે એની વાત સાંભળે કે ન સાંભળે પરંતુ હાઈટેક મીડિયાના જમાનામાં અરવિંદ કેજરીવાલની આ ગુજરાત ચર્ચા દેશ અને દુનિયામાં જરૂર વમળો ઊભાં કરશે. એમાં શંકાને સ્થાન નથી. ગેસના ભાવ વધારવા અંગે રિલાયંસની નીતિને અનુકૂળ થઈ ગયેલા મોદી સામે આ બ્રહ્માસ્ત્ર ઉગામીને કેજરીવાલે મોદીના ઘસમસતા મોજાને અડધે રસ્તે થંભાવી દીધું છે. મોદીના મંત્રીમંડળમાં ભ્રષ્ટ અને સજા પામેલા મંત્રીઓ છે તે સૌ જાણે છે શંકરસિંહ વાઘેલા, મોઢવાડિયા અને શક્તિસિંહ ગોહિલ આ મુદ્દે ગળાં ફાડી ફાડીને ભાષણો ઝીંકતા રહ્યા હોવા છતાં પ્રજા મોદીની સાથે કેમ છે. આ પ્રશ્નનો જવાબ પણ કેજરીવાલે શોધી કાઢ્યો છે. મોદીએ ગુજરાતમાં કોઈ પ્રતિસ્પર્ધીને ટકવા જ નથી દીધો. કાં તો એને હરાવી દીધો છે, મનાવી લીધો છે અથવા કેજરીવાલના શબ્દો ટાંકીએ તો મરાવી દીધો છે. હકીકતમાં ગુજરાતમાં વિરોધ પક્ષ જેવી વસ્તુ જ નથી બચી ત્યારે કેજરીવાલનો સ્ટંટ જેવો લાગતો આ પુણ્યપ્રકોપ લોકચેતનાને સંકોરવાનું કામ જ કરશે, એવી અપેક્ષા અસ્થાને નથી. ચૂંટણી આવા લોકશિક્ષણની પ્રયોગશાળા જ ગણાય.

બોર્ડ પરીક્ષામાં ગત વર્ષ કરતા ૪૫૧૨ વિદ્યાર્થીઓ ઘટ્યા

ચાલુ વર્ષે કુલ ૯૭૫૮૯૨ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા આપશે : બોર્ડની પરીક્ષાને લઈને તમામ તૈયારીઓ

અમદાવાદ, તા.૦૭

ગુજરાતમાં દર વર્ષે ધોરણ-૧૦ની પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળતો હોય છે. જો કે ચાલુ વર્ષ ગત વર્ષની તુલના ૪૫૧૨ વિદ્યાર્થીઓનો ઘટાડો નોંધાયો છે. માર્ચ ૨૦૧૩માં રાજ્યભરમાંથી કુલ ૯૮૦૪૦૪ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી. જેની તુલનામાં ચાલુ વર્ષે માત્ર ૯૭૫૮૯૨ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા આપશે. જો કે છેલ્લા ૧૦ વર્ષની વાત કરીએ તો ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૫ ટકાનો જંગી વધારો નોંધાયો છે.

આગામી ૧૩મી માર્ચથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા લેવામાં આવનારી છે. આ પરીક્ષામાં રાજ્યભરમાંથી કુલ ૯૭૫૮૯૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાનાં છે. જે ગત વર્ષ કરતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૫૧૨ નો ઘટાડો દર્શાવે છે. ગત વર્ષે કુલ ૯૮૦૪૦૪ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષા આપી હતી. જો કે છેલ્લા ૧૦ વર્ષની વાત કરીએ તો ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૫ ટકાનો જંગી વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૦૫માં સમગ્ર રાજ્યમાંથી ૬૭૧૯૪૯ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી.

ત્યારબાદ વર્ષ ૨૦૦૬માં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૭૫૧૧૭૬ થઈ ગઈ હતી, વર્ષ ૨૦૦૭માં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાતા સંખ્યા ઘટીને ૬૫૯૬૪૦ થઈ હતી. ત્યારબાદ તો દર વર્ષે સરેરાશ ૭૦હજાર જેટલા વિદ્યાર્થીઓ વધતા ગયા હતા. જેના કારણે ૨૦૧૩ સુધીમાં રાજ્યમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા માટે આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૯૮૦૪૦૪ લાખ થઈ ગઈ હતી.

જો કે ફરીથી ૨૦૧૪માં આ આંકડામાં ઘટાડો નોંધાયો છે. જે શિક્ષણ બોર્ડ માટે ચિંતાનો વિષય છે. ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૦ની પરીક્ષા માટે અગાઉ ખાનગી વિદ્યાર્થીઓ અને રીપીટર વિદ્યાર્થીઓની સંખ્યા વધતા બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો હતો. પરંતુ ચાલુ વર્ષ ખાનગી વિદ્યાર્થીઓ રીપીટર વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતા ધોરણ-૧૦ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

ગુજરાતમાં હજુ પણ એમ.બી.એ. સૌથી લોકપ્રિય માસ્ટર ડીગ્રી

અમદાવાદ, તા.૦૭

ગુજરાતના અલગ અલગ શહેરોમાં વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન એકઠા કરાયેલા આંકડાઓ મુજબ એમબીએ આજે પણ રાજ્યમાં સૌથી વધુ લોકપ્રિય માસ્ટર ડીગ્રી છે. જ્યારે એમબીએનાં ફાઈનાન્સએ વિદ્યાર્થીઓનો સૌથી પસંદગીનો વિષય રહ્યો હતો જ્યારે હ્યુમન રિસોર્સ બીજા અને માર્કેટીંગ ત્રીજા નંબરની સૌથી વધુ લોકપ્રિય વિષય તરીકે ઉપસી આવ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગત વર્ષે એમબીએ ઈન્સ્ટિટ્યુટની મોટા પ્રમાણમાં બેઠક ખાલી રહી હતી. એટલું જ નહીં એમબીએ કોર્સ કરીને બહાર પડનાર વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટમાં પણ ઘટાડા નોંધાતા ગુજરાતમાં એમબીએનાં વળતા પાણી શરૂ થયા હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું. જો કે તેમ સત્તા સર્વેમાં સામે આવ્યું છે કે માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન આજે પણ રાજ્યનો સૌથી વધુ લોકપ્રિય માસ્ટર કોર્ષ છે. રાજ્યનાં અલગ અલગ શહેરોમાં વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩ દરમિયાન એકઠા કરવામાં આંકડાઓના આધારે આ વાત સાબિત થાય છે. સર્વેમાં એ પણ જાણવા મળ્યું હતું કે આ એમબીએ કોર્ષમાં ફાઈનાન્સ વિષય વિદ્યાર્થીઓની પહેલી પસંદ રહ્યો છે. જ્યારે હ્યુમન રિસોર્સ બીજા અને માર્કેટીંગ ત્રીજા નંબરે રહ્યા છે. એટલું જ નહીં સર્વેમાં એમબીએ કરનાર વિદ્યાર્થીઓના સેલેરી પેકેજમાં વધારો થવાની વાત પણ સામે આવી છે જેમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૧૩માં કેટ સ્કોર સ્વીકાર કરનારી સંસ્થાઓના વિદ્યાર્થીઓનું વાર્ષિક સરેરાશ પેકેજ રૂપિયા ૨.૭૯ લાખ રહ્યું હતું જ્યારે સીમેટના સ્કોરને આધારે એડમિશન આપનારી સંસ્થાઓમાં વાર્ષિક સરેરાશ પેકેજ રૂપિયા ૨.૨૦ લાખ રહ્યું હતું. જે વર્ષ ૨૦૧૨ની તુલનામાં ૨૦ટકા વધુ હતું.

ભાટ વિદ્યાલયમાં વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૭

સર્વોદય વિદ્યા મંદિર ભાટ ખાતે બોર્ડની પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય જયંતિભાઈ પટેલે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ઉચ્ચ કારકિર્દી બનાવવા અને શાળાનું ગૌરવ વધારવા આહવાન કર્યું હતું. દરેક વિદ્યાર્થીઓને પુષ્પ ગુચ્છ અને બોલપેન આપી હતી.

સાહિત્ય સભાની વાર્ષિક સભા

ગાંધીનગર, તા. ૭

નગરમાં ૧૮ વર્ષથી કાર્યરત ગાંધીનગર સાહિત્યસભાની વાર્ષિક સામાન્ય સભા તા. ૯ માર્ચ સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે મળશે. સભામાં વર્ષ ૨૦૧૪ થી ૧૭ના હોદ્દેદારોની વરણી કરવામાં આવશે. આ બેઠકમાં સાહિત્ય સભાના સર્વે સભ્યોએ ઉપસ્થિત રહેવા મંત્રી નટવર હેડાઉએ જણાવ્યું છે.

આંખે પાટા બાંધી વાંચતા બાળકોનો ૯મી માર્ચે સેમીનાર

ગાંધીનગર, તા. ૭

આંખે પાટા બાંધીને કડકડાટ વાંચતાં બાળકો લાઈવ ડેમોસ્ટ્રેશન બનાવશે. આંખે પાટા બાંધીને સ્પર્શ-ગંધ દ્વારા ઓળખવાની નવી ટેકનોલોજી, બાળકોમાં છુપાયેલી સુષુપ્ત શક્તિને જાગૃત કરવાની અનોખી પદ્ધતિ એટલે મીડબ્રેન એકટીવેશન તા. ૯મી માર્ચના રવિવારે બપોરે ૩ થી ૬, સેક્ટર-૧૨ના ડૉ. આંબેડકર હોલમાં એક સેમીનાર રાખેલ છે. આ પદ્ધતિ દ્વારા બાળકોના પરિણામમાં ૧૦ થી ૧૨ ટકાનો વધારો થાય અને બાળકો આંખે પાટા બાંધીને પણ કડકડાટ વાંચી શકે છે. તેની માહિતી આપતો ફ્રી સેમીનાર યોજેલ છે. વિદ્યાર્થી, વાલી, શિક્ષક શાળા સંચાલકો શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલાઓને આમંત્રણ પાઠવેલ છે.

ભાટના સર્વોદય વિદ્યામંદિરમાં વ્યસનમુક્તિ અંગે પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ભાટ ગામે આવેલ સર્વોદય વિદ્યામંદિર દ્વારા વ્યસનમુક્તિ જાગૃતિ અંગે એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં શાળાના વિદ્યાર્થીઓએ દારૂ, તમાકુ, ગુટખા વગેરે ખાવાથી શરીરમાં થતા જુદા જુદા રોગો અંગે અને આ વ્યસનોથી યુવાધનને બચાવવા શું કરવું તે અંગે ચાર્ટસ, કટીંગ અને પિકચર્સ વગેરે દ્વારા સુંદર પ્રદર્શન તૈયાર કરવામાં આવ્યું હતું.

સર્વોદય વિદ્યામંદિરના બાળકોએ તૈયાર કરેલા આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સંસ્થાના પ્રમુખ એન.કે. પટેલ અને નર્સિંગ કોલેજના સંચાલક-કમ-આચાર્ય શુકલ મેડમ સહિત ભાટ ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ અને ગામના અગ્રણીઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું. શુકલ મેડમે આરોગ્ય અંગે સાવચેતીના પગલાં અંગે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ પ્રદર્શન શાળાના આચાર્ય જયંતિભાઈ પટેલના માર્ગદર્શનમાં તૈયાર કરાયું હતું. આ પ્રદર્શન ગુજરાત રીસર્ચ એન્ડ મેડીકલ ઈન્સ્ટીટ્યુટ, રાજસ્થાન હોસ્પિટલ દ્વારા સંચાલિત સીંધી નર્સીંગ કોલેજ અને અમદાવાદની વેણા સીંધી નર્સીંગ કોલેજના સહકારથી યોજવામાં આવ્યું હતું.

હરિની દૃષ્ટિ...

આજે મહિલા દિન નિમિત્તે ઈન્ફોસિટીમાં ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડ સમારંભ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે સતત કાર્યશીલ એવા ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સતત પાંચમા વર્ષે ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડ આપવાના નારી શક્તિ કો સલામ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમાજ સેવા, આર્થિક, શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ જેવા વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરનાર ૨૦ મહિલાઓને એવોર્ડથી સન્માનિત કરાશે. આ કાર્યક્રમ યુનાઈટેડ નેશન્સની થીમ 'પ્રેરણાદાયી બદલાવ' પર યોજવામાં આવેલ છે.

૧૦-૧૨ના વિદ્યાર્થીઓને કોંગ્રેસે શુભેચ્છા પાઠવી

અમદાવાદ, તા. ૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ તા. ૧ ૩મી માર્ચથી શરૂ થઈ રહેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની વાર્ષિક પરીક્ષા માટે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે અખબારી યાદી દ્વારા ધોરણ-૧૦ના સાત લાખ કરતા વધુ અને ધોરણ-૧૨ના ૩ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓને સખત મહેનત દ્વારા ઉત્કૃષ્ટ પરિણામો મેળવવા શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત તેમણે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડને તમામ વિદ્યાર્થીઓ સરળતાથી પરીક્ષા આપી શકે તે માટે પુરતી વ્યવસ્થા કરવા જેથી પરીક્ષાર્થીઓ અને વાલીઓની હાલાકીમાં ઘટાડો થાય તે માટે અનુરોધ કર્યો હતો.

બ્રાહ્મણોની ૫૬૦૦૦ સદસ્યોની ઈ-ડીરેકટરી બહાર પાડવામાં આવશે

ગાંધીનગર, તા.૭

આંતર રાષ્ટ્રીય બ્રાહ્મણ સાંસદ નવી દિલ્હી દ્વારા દેશ વિદેશમાં વસતા બ્રાહ્મણોને સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય રીતે સંગઠીત કરવાના આશયથી દેશ વિદેશમાં વસતા ૫૬૦૦૦થી વધારે બ્રાહ્મણ સદસ્યોની માહિતી પૂરી પાડતી ઈ ડીરેકટરીનું આગામી માસમાં સંસ્થાના અધ્યક્ષ સંતોષ શુકલા, પેટ્રન સર્વશ્રી મુરલી મનોહર જોષી, સુષ્મા સ્વરાજ, શિલા દિક્ષિત, રાજીવ શુકલા, મનીષ તિવારી, કિર્તી આઝાદ તથા બ્રાહ્મણ સાંસદો, આઈએએસ, આઈપીએસ અધિકારીઓ દ્વારા વિમોચન કરવામાં આવશે. સંસ્થાના રાષ્ટ્રીય સચિવ અશ્વિન ત્રિવેદીએ જણાવ્યું હતું કે ટૂંક સમયમાં જ **www.brahmin.ashia** ઉપર ઈ-ડીરેકટરી ઉપર ઉપલબ્ધ થશે.

વિશ્વ મહિલા દિને....

ખુબ જ ખુશ હતી મા ના કોખમાં, હું તો,
સ્વપ્ન જોતી હતી જગતમાં અવતરણની હું તો.
નાનપણમાં જ કલીક-કલીક કરી લીધા ફોટા મારા,
નેગેટીવને પોઝીટીવ થવાના સ્વપ્ન ન જોતી હતી હું તો.
પણ આ શું ? પોઝીટીવ ન બન્યા મારા જ સર્જન હારા,
નેગેટીવ ને નેગેટીવ જ રહેવા દીધીને અંત લાવ્યો મારો ને મારો સ્વપ્નનો.
જગતમાં અવતરણ થવાના મારા સ્વપ્નને
આજે જ અને આ જ ઉદરમાં અસ્ત પામતા જોઇ રહી હું તો.
શું આપ સાકાર કરશો મારું સ્વપ્ન?
શું આવકારશો મને આપના જીવનમાં?
કે પછી રાહ જોવામાં જ વારંવાર
અસ્ત પામશો મારું જીવન મારા જ સર્જક હાર દ્વારા?
આશા અમર છે એ વાસ્તવિકતા જાણી,
મેં પણ ફરી શરૂં કર્યું છે સ્વપ્ન જોવાનું આ જગતમાં અવતરણનું
આપને ત્યાં જ આપને ત્યાં જ,
આવકારશો ને મને? આવકારશો ને મને?

- કિરીટ બી. ત્રિવેદી 'નિમિત'

આંતરરાષ્ટ્રીય મહિલા દિને: પૌરાણિક યુગની પાંચ પ્રતિભાઓ

પ્રસંગસર

- રશ્મિકાન્ત મહેતા

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિને છે ત્યારે ભારતની પોતાની પૌરાણિક યુગની પાંચ પ્રતિભાઓનું સ્મરણ આવશ્યક છે.

અહલ્યા, દ્રોપદી, તારા, સીતા, મંદોદરી તથા પંચકન્યા, સ્મરેત નિત્ય મહાપાતકનાશનમ ।

અહલ્યા, દ્રોપદી, તારા, સીતા અને મંદોદરી આ પાંચ કન્યાઓને કાયમ સ્મરણમાં રાખવી. એનાથી પાપ ગમે તેટલા મોટા હોય, તોપણ એનો નાશ થઈ જાય છે.

આ ચાદી બીજી રીતે પણ મળે છે. અહલ્યા, દ્રોપદી દ્વારા કુન્તી મંદોદરી તથા અહીં ક્રમ એક જ છે. સીતાને બદલે કુન્તીનું નામ છે.

ભાવાર્થ એટલો છે. આ પાંચ ચરિત્ર એકદમ પવિત્ર અને ઉમદા છે. એમને કાયમ માટે સ્મરણમાં રાખ્યા હોય તો પાપ તરફ જવાની પ્રેરણા થતી જ નથી. આમ પણ ભક્તિ નવ પ્રકારની છે એમાં સ્મરણ ત્રીજા સ્થઆને શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવા, અર્ચન, વંદન, દાસપણું, પ્રથ્ય અને આત્મનિવેદન.

આ પાંચ માટે અહીં કન્યા શબ્દ પ્રયોજાયો છે. ખરેખર તો એમનો વૈવાહિક દરજ્જો પત્નીનો છે. તેમ છતાં આ સૌ પાસે એમનું કન્યાપણું સચવાયેલું છે. ભારતીય પરંપરામાં શુકનોની ચાદીમાં કન્યાનો સમાવેશ છે. પ્રસ્થાન સમયે માત્ર કન્યાના દર્શનથી અભીષ્ટ કાર્ય સિદ્ધિ થઈ જાય છે. તેવી માન્યતા છે. દર્શન પવિત્ર હોય તો સ્મરણ તો પવિત્ર હોય જ. આમાંની એક દ્રોપદી છે એના વિશે ધ્રુવ ભટ્ટની નવલકથા ઈ.સ. ૧૯૮૮માં પ્રકાશિત થઈ છે. આ નવકથાનું શીર્ષક છે. અગ્નિકન્યા, શબ્દ કોશ પ્રમાણે કન્યાનો એક અર્થ થાય છે. ભગવતી દુર્ગા, ઈન્દ્ર વગેરે દેવો ભગવતી દુર્ગાની સ્તુતિમાં કહે છે. શક્રાદ્યઃ સ્તુતિ-૧૭) દુર્ગે સ્મૃતા હરસિ ભીતિમશેષજન્તોં હે ભગવાન દુર્ગા, બધા જ પ્રાણીઓમાંથી જે કોઈ તારું સ્મરણ કરે એનો આપત્તિ વગેરેનો ભય તું દૂર કરી દે છે. ભારતીય પરંપરામાં કન્યાનું મહત્વ અનેકગણું છે. પ્રાચીન ભારતના પૌરાણિક યુગની આ પાંચ કન્યાઓ ગૌરવશીલ પ્રતિભાઓ છે.

એનામાં કુરૂપતા બિલકુલ ન હતી, તેથી અહલ્યા તરીકે ઓળખાયી. બ્રહ્માની આ માનસપુત્રીને પતિ મહર્ષિ ગૌતમનો શાપ સંયોગવશાત આવી પડ્યો. શાપનું નિવારણ શ્રીરામના આગમનથી થવાનું હતું. વિશ્વામિત્રે રામ અને લક્ષ્મણને અહલ્યાની પવિત્રતા અને તપસ્યાનો વૃત્તાન્ત કહ્યો. એનાથી પ્રભાવિત થયેલા રામ અને લક્ષ્મણે શાપ મુક્ત થયેલી અહલ્યાને ચરણ સ્પર્શ કરીને પ્રણામ કર્યા. આ શાપનિવારણ પ્રસંગે દેવોએ પણ પુષ્પવૃષ્ટિથી અને દુંદુભિનાદથી પ્રસન્નતા પ્રગટ કરી. દ્રુપદરાજાએ યત્ર કર્યો એના પવિત્ર અગ્નિ માંથી પ્રગટેલી કન્યા દ્રોપદી હતી એથી કૃષ્ણા તરીકે ઓળખાઈ. આમ પણ શ્રીકૃષ્ણને એના પ્રત્યે બહેન જેવું વાત્સલ્ય હતું. દ્રોપદી તે પણ ઈન્દ્રપત્ની શચીનો અવતાર હતી. એકવાર મધરાતે મુનિ દુર્વાસા પોતાના શિષ્યો સાથે આવ્યા અને ભોજનની દક્ષિણા માગી. દ્રૌપદએ સૌને રસોઈ કરીને જમાડયા અને પ્રસન્ન કર્યા. પોતાના પાંચ પુત્રોને મારી નાખનાર અશ્વસ્થામાને પણ ક્ષમા આપી દેવાની ઉદારતા દ્રોપદીમાં છે. એ જેમ અગ્નિમાંથી પ્રગટી છે તેમ સીતા ધરતીમાંથી પ્રગટી છે. એના ઉપર પણ અગ્નિદેવની કૃપા છે. એને પવિત્રતાની સાક્ષી આપવા અગ્નિદેવ હાજરાહજૂર છે. અગ્નિ એના કહેવાથી હનુમાન માટે શીતળ બની જાય છે. રાવણને કહી શકે છે. તુ તો શિયાળ છો અને હું સિંહણ છું. એ પૃથ્વીમાંથી પ્રગટી છે તો કુંન્તીનું નામ પૃથા હતું. પરંતુ કાકા કુન્તીભોને એને દત્તક લીધી. તેથી કુન્તી નામથી ઓળખાઈ. સૂર્ય, ધર્મરાજ, ઈન્દ્ર, વાયુ અને અશ્વિનોની કૃપા એને સંતાન પ્રાપ્તિમાં નિમિત બની છે. સમત્વએ યોગ છે એ ગીતાનું વિચારસૂત્ર છે. આનું ઉત્તમ ઉદાહરણ કુન્તી છે. કૌરવોએ પાંડવો સાથે જે કાંઈ અનિષ્ટ કર્યું. એ ગાંધારીની સાથે જ રહી છે. સ્વર્ગારોહણ વખતે પણ ધૃતરાષ્ટ્ર અને ગાંધારી સાથે છે પુરુષ પોતાના અહંકારને કારણે પોતાની ઉમદા ચરિત્ર પત્નિની સલાહ સ્વીકારતો નથી. અને પોતાનો તેમજ પોતાનો વિનાશ નોતરી લે છે. વાલીને દ્વન્દ્વયુદ્ધે જતાં પહેલા તારાએ સલાહ આપી કે શ્રીરામ સાથે વિરોધ છોડીને સુગ્રીવને પ્રેમથી ગળે લગાવો. પણ એણે માન્યુ નહી. એવું જ મંદોદરીનું થયું. તેણે રાવણને સલાહ આપી કે સીતા રામને સોંપી દે. શ્રીરામ તને માફ કરી દેશે. એણે પણ માન્યું નહી: આજના આંતરરાષ્ટ્રીય મહિલા દિને પૌરાણિક યુગની આ નારી પ્રતિભાને પ્રણામ.